ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સરકારી આવાસોના ભાડામાં ત્રણ ગણો વધારો

## તમામ કક્ષાના આવાસોના સામાન્ય, આર્થિક અને માર્કેટ દરના ભાડામાં તોતિંગ વધારો

ગાંધીનગર, તા.૩

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોના સામાન્ય દરથી લઈ આર્થિક ભાડા અને માર્કેટ દરમાં ડબલથી ત્રણ ગણો વધારો કરી દેવાયો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ મામલે ઠરાવ કરી ભાડાના દરમાં ફેબ્રુઆરી ૨૦૧૫થી સુધારો લાગુ કરી દેવાયો છે. જેમાં વિવિધ કેટેગરીના આવાસોમાં સામાન્ય ભાડાનો દર બમણો કરી દેવાયો છે. જયારે બિનઅધિકૃત આવાસોના કીસ્સામાં માર્કેટ દર પણ ત્રણ ગણો વધારી દેવાયો છે. આ ઉપરાંત આર્થિક ભાડાના દરે ફળવાયેલા આવાસો અન્વયે પણ ભાડાના નવા દર મુજબ ત્રણ ગણું વધુ ભાડુ વસુલવામાં આવશે.

શહેરમાં દાયકાઓ જૂના સરકારી આવાસોના મજબૂતીકરણનું કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. જયારે શહેરમાં સ્થિત અંદાજિત ૧૬ હજાર જેટલા વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી ઘણા ખરા મકાનો જોખમી હાલતમાં પણ છે. કર્મચારીઓ તેમજ સંસ્થાઓને આ મકાનો સામાન્ય દરથી લઈ આર્થિક દર મુજબ ફાળવણી કરવામાં આવે છે જયારે આ અન્વયે સરકાર કક્ષાએ નક્કી કરાયેલા દર મુજબ ભાડુ વસુલવામાં આવે છે જયારે ગત મહીનાના અંતમાં સરકારી આવાસોના વિવિધ કક્ષાના ભાડાના દરમાં વધારો કરવા ઠરાવ કરવામાં આવ્યો હતો જેના અનુસંધાને ફેબ્રુઆરી ૨૦૧૫થી ભાડાનો નવો દર અમલી કરી દેવાયો છે. જેમાં વિવિધ કક્ષાના મકાન અન્વયે માસિક ભાડાના દરમાં બમણાથી ત્રણ ગણો વધારો કરી દેવાયો છે. જેમાં જ-૧ થી લઈ જ-૨, જ, છ, ચ-૧, ઘ, ગ, જી-૧, ખ અને ક કક્ષાના આવાસોના સામાન્ય દરમાં બમણું ભાડુ કરી દેવાયું છે. જયારે બોર્ડ, કોર્પોરેશન અને સંસ્થાઓને ફળવાતા આવાસો અન્વયે વસુલવામાં આવતા આર્થિક ભાડાના દરમાં ત્રણ ગણો વધારો અમલી બનાવાયો છે. આ ઉપરાંત બિનઅધિકૃત મકાનોના કિસ્સામાં વસુલાતા માર્કેટ દરમાં પણ ત્રણ ગણો વધારો લાગુ કરવામાં આવ્યો છે.

### આવાસોનો સામાન્ય દર

| આવાસનો પ્રકાર | જૂનો | નવો |
|---|---|---|
| જ-૧/એ | ૪૦ | ૮૦ |
| જ-૨ | ૪૦ | ૮૦ |
| જ | ૭૦ | ૧૪૦ |
| છ | ૧૦૦ | ૨૦૦ |
| ચ-૧ | ૧૫૦ | ૩૦૦ |
| ઘ | ૨૪૦ | ૪૮૦ |
| જી-૧ | ૩૦૦ | ૬૦૦ |
| ખ | ૫૨૦ | ૧૦૪૦ |
| ક | ૫૦૧ | ૧૦૪૦ |

### છઠ્ઠા પગારપંચ મુજબ આવાસોનો ભાડાનો દર વધ્યો

સરકારી આવાસોના મામલે અત્યાર સુધી કર્મચારીઓ પાસેથી પમા પગારપંચ મુજબ ભાડુ વસુલવામાં આવતુ હતુ જયારે છઠ્ઠુ પગારપંચ આવ્યા બાદ ભાડાના દરમાં ફેરફાર અલબત્ત વધારો કરવા અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અનુસંધાને માર્ગ-મકાન વિભાગ દ્વારા આ મામલે ઠરાવ કરી ફેબ્રુઆરી-૨૦૧૫થી વિવિધ કક્ષાના આવાસોમાં બે થી ત્રણ ગણો વધારો કરવામાં આવ્યો છે. પરિપત્ર મુજબ ફેબ્રુઆરી-૨૦૧૫થી ભાડાનો નવો દર અમલમાં મુકવામાં આવ્યો છે.

### ભાડામાં ત્રણ ગણો વધારો

| આવાસનો પ્રકાર | જૂનો દર | નવો દર |
|---|---|---|
| જ-૧/એ | ૪૦૦ | ૧૨૦૦ |
| જ | ૪૦૦ | ૧૨૦૦ |
| છ | ૪૦૦ | ૧૨૦૦ |
| ચ-૧ | ૯૬૦ | ૨૮૮૦ |
| ઘ | ૯૬૦ | ૨૮૮૦ |
| જી-૧ | ૧૬૦૦ | ૪૮૦૦ |
| ખ | ૧૬૦૦ | ૪૮૦૦ |
| ક | ૧૬૦૦ | ૪૮૦૦ |

# ગાંધીનગરમાં આવતીકાલથી પ્લાસ્ટ ઈન્ડિયા

## વિશ્વનું સૌથી મોટું પ્રદર્શન સેક્ટર-૧૭ એક્ઝીબિશન સંકુલમાં આરંભાશે : ભારત સહીત ૩૦ દેશોની ૧૬૦૦ કંપનીઓ ભાગ લેશે : ૧.૫૦ લાખ મુલાકાતીઓ આવશે : ૨૦૧૫ સુધીમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ૧૪ મિલિયન મેટ્રીકટન પહોંચવાની સંભાવના

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં આગામી તા. ૫ થી ૧૦ ફેબ્રુઆરી દરમિયાન વિશ્વનું સૌથી મોટા પ્લાસ્ટ ઈન્ડિયા-૨૦૧૫ એક્ઝીબીશન યોજવામાં આવશે. પ્લાસ્ટ ઈન્ડિયાના આ ભવ્ય પ્રદર્શનમાં ભારત સહીત અન્ય ૩૦ દેશો ભાગ લેશે. જેમાં ૧૬૦૦ જેટલી વિવિધ કંપનીઓ આ પ્રદર્શનનો હીસ્સો બનશે. ૧.૨૫ લાખ ચો.મી.ની વિશાળ જગ્યામાં યોજાનારા પ્લાસ્ટ ઈન્ડિયામાં ૧.૫૦ લાખ મુલાકાતીઓ આવશે. પ્લાસ્ટીક ઉપયોગને લગતી મશીનરી અને રસપ્રદ માહિતી મુલાકાતીઓને અપગ્રેડ કરશે. વર્ષ ૨૦૧૫ સુધીમાં પ્લાસ્ટિકનો ઉપયોગ અંદાજિત ૧૪ મિલિયન મેટ્રીક ટન સુધી પહોંચવાની સંભાવના છે.





દેશમાં પ્લાસ્ટિક સંબંધી અવ્વલ પર્વમાંથી એક પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૧૫ એક્ઝિબિશન ગુજરાતના ગાંધીનગરમાં ૫મીથી ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ યોજાશે. આ પ્રદર્શન ૧,૨૫૦૦૦ ચોરસમીટરની વિશાળ જગ્યામાં યોજાશે. જેમાં ભારત અને અન્ય ૩૦ દેશના આશરે ૧,૫૦,૦૦૦ વેપાર મુલાકાતીઓ અને ૧૬૦૦ ટોચની કક્ષાના પ્રદર્શનકારીઓ એક છત હેઠળ આવશે.

ભારતના રસાયણો અને ખાતરોના મંત્રી અનંતકુમાર, મુખ્યમંત્રી આનંદીબેન પટેલને હસ્તે આ ભવ્ય સમારંભનું ઉદ્‌ઘાટન થશે અને આ સમયે પ્લાસ્ટિકના ઉદ્યોગની સ્થિતિ પરનો અહેવાલ અને પ્રદર્શનની ડીરેક્ટરીનું પણ વિમોચન કરાશે.

પ્લાસ્ટ ઈન્ડિયા ફાઉન્ડેશન ભારતમાં પ્લાસ્ટિક્સ માટે સર્વોચ્ચ સંસ્થા છે અને ભારતની નોંધનીય

● અનુસંધાન પાન-૭ પર

# કેન્સરને હરાવી ચૂકેલી ગાંધીનગરની દિકરી અન્ય દર્દીઓને પ્રેરણા આપે છે

## સે-૧૭ની ડોલી પટેલે મજબૂત મનોબળથી કેન્સરને મહાત આપી હતી : હવે કેન્સરની સારવાર લઈ રહેલા દર્દીઓનો આત્મવિશ્વાસ વધારવામાં મદદરૂપ બને છે

**કેન્સર ડે સ્પેશિયલ**

**(સમીર રામી દ્વારા)**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સહિત વિશ્વભરમાં તા. ૪થી ફેબ્રુઆરીએ કેન્સર દિવસ ઉજવાઈ રહ્યો છે. આ દિવસે તમામ આરોગ્ય લક્ષી સંસ્થાઓ, સત્તાતંત્ર અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આ મહારોગ તરફ લોકોની જાગૃતિ વધે અને તેને નાથવાની લડતમાં સૌ



કોઈ જોડાય તે અંગે પ્રયત્નો કરવામાં આવશે. ગાંધીનગરની એક રૂપકડી દિકરી આ મહારોગમાં સપડાયા પછી તેના મકકમ મનોબળ થકી સંપૂર્ણ સાજી થઈ ગઈ અને હવે આ રોગ સામે લડવા અન્ય પીડિતોને પ્રોત્સાહન આપી રહી છે. તેની આ હિંમત અને જુસ્સો વિશ્વ કેન્સર દિવસે અન્ય દર્દીઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે.

જુના સચિવાલયના બ્લોક નં. ૧માં કલાર્કની નોકરી કરતા અને સેકટર-૧૭ના ચ ટાઈપ સરકારી કવાટર્સમાં રહેતા રમેશભાઈ પટેલને આજથી સાડા ચાર વર્ષ પહેલા તેમની ૨૦ વર્ષીય દિકરી ડોલીને બ્લડ કેન્સર હોવાનું નિદાન થયું ત્યારે તેમના પગ નીચેથી ધરતી સરકી ગઈ હોવાનો અહેસાસ થયો હતો. આમ છતાં દીકરીને આ વાતનો અણસાર ન આવી જાય તેની તકેદારી રાખતા તેમણે હસતાં મોઢે તેની એપોલો હોસ્પિટલમાં સારવાર ચાલુ કરાવી હતી.

આઈસીયુ વોર્ડમાં દાખલ કરાયેલ ડોલી પપ્પાની આંખો વાંચીને પોતાને કોઈ ગંભીર બિમારી હોવાનું સમજી ગઈ હતી પરંતુ તેણે પણ હંમેશા પિતાની સામે મોઢું હસતું જ રાખ્યું. અઠવાડિયાની સારવાર દરમિયાન પિતાની ગેરહાજરી વખતે લોહીના રિપોર્ટ વાંચી લેતા ડોલીને પોતાને બ્લડ કેન્સર હોવાની જાણ થઈ હતી. કેન્સર નામ સાંભળીને જયાં લોકોનો મોતિયા મરી જાય ત્યાં હસતા હસતા ડોલી મા-બાપને 'બધું સારુ થઈ જશે, ચિંતા ના કરો' તેવો સધિયારો આપતી. લગભગ ચાર પાંચ મહિના ચાલેલી સઘન સારવાર જેમાં કમોથેરેપીના અનેક ડોઝનો સમાવેશ થાય છે તે તમામ વખતે ડોલી હસ્તી રહેતી. આ જોઈને તેની સારવાર કરી રહેલા ડૉ. ચિરાગ શાહ પણ તેના આત્મવિશ્વાસથી અભિભૂત થઈ જતા હતા. ડોલીએ મનોમન જાણે આ મહારોગને મ્હાત કરવાનો નિર્ધાર કર્યો હતો. અને તેની મકકમતા તેમજ જુસ્સાને કારણે ચાલુ સારવારે તેણે બીએસસીના છેલ્લા વર્ષની પરીક્ષા આપી ફર્સ્ટ કલાસ પણ મેળવ્યો.

ડોલીની સારવાર માટે આશરે ૧૨ લાખ રૂપિયાનો જંગી ખર્ચ તેના મધ્યમવર્ગીય પિતાએ મિત્રો, સગા સંબંધીઓના સથવારે યેનકેન પ્રકારે ઉપાડયો હતો જેમાં તેમને મુખ્યમંત્રી ફંડમાંથી ૨ લાખ રૂપિયાની સરકારી સહાય પણ મળી હતી. જો કે પિતાની દિકરી માટે આટલું જોખમ ખેડવાની તૈયારી અને ડોલીના મજબૂત મનોબળના કારણે પાંચેક મહીનામાં જ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. પછીના છ એક માસમાં તેનો રોગ સંપૂર્ણ રીતે નાબૂદ થયો હોવાની ખાત્રી મળી અને કેમોથેરેપી દરમિયાન ખરી પડેલા વાળ અને તેની સુંદરતા પણ પરત આવવા લાગી. અંતે સંપૂર્ણ રીતે સાજી થઈ ગયેલ ડોલી આજે છેલ્લા ચાર વર્ષથી અમદાવાદ ખાનગી કંપનીમાં નોકરી કરી રહી છે પરંતુ ડોલીએ તેની જીંદગીમાં આવેલ આ મુશ્કેલીથી બહાર નીકળવાને માટે ખુશ થઈને રહેવા કરતાં અન્ય પિડીતોને પણ આ રોગ સામે લડત આપવા પ્રેરિત કરવાનો નિર્ધાર કર્યો.

હવે જયારે જયારે એપોલો હોસ્પિટલમાં કોઈ દર્દી કેન્સર નિદાન થતાં ભાંગી પડે અથવા જુસ્સો ગુમાવે ત્યારે ગાંધીનગરની આ બાહોશ દિકરી ડોલી પટેલને બોલાવાય છે. ડોલી પણ હસતાં મોંઢે ત્યાં જઈને દર્દીની આ મહારોગ સામેની બીક દૂર કરે છે તેમ જ તેમનામાં આત્મ વિશ્વાસનો પ્રાણવાયુ ફુંકી આપે છે. આજે વિશ્વ કેન્સર દિવસે નગરની આ વિરાંગનાને સો સો સલામ.

# નિકાલ હેઠળના મકાનોમાં અસામાજિક તત્વોનો કબજો

## સેક્ટર-૭ અને સેક્ટર-૬માં નિકાલ હેઠળના સરકારી મકાનોને સીલ કરાયા હોવા છતાં તેમાં અસામાજિક તત્વો ઘુસી ગયા છે : મકાનોનો ઝડપથી નિકાલ કરવા માંગ



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં વર્ષો જુના ઘણા સરકારી મકાનો છે જેપૈકીના કેટલાકની અવસ્થા ખુબ જ જર્જરીત બની જતાં તેને નિકાલ હેઠળ મુકી દેવાયા છે. સેકટર-૭, સેકટર-૬, સેકટર-૨૪, સેકટર-૧૬ અને સેકટર-૩૦માં એવા ઘણા સરકારી આવાસો છે જેને નિકાલ હેઠળ મુકી દેવાયા છે અને તેમાં કોઈ તત્ત્વો ઘુસી ન જાય તે માટે તેના બારી બારણાંઓને ઈંટો વડે ચણતર કરી બંધ કરી દેવાયા છે પરંતુ કેટલાક અસામાજિક તત્વો આ ચણતરને તોડીને પણ તેમાં ઘુસી જાય છે. તેમાં તમામ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ બેરોકટોક ચાલે છે. આ નિકાલ હેઠળના મકાનોને ઝડપથી પાડી દેવાય તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

સેકટર-૭માં શાકમાર્ટની પાસે ચ ટાઈપ અને જ ટાઈપના એવા ઘણા સરકારી મકાનો છે જેને નિકાલ હેઠળ મુકવામાં આવ્યા છે. આ સરકારી મકાનોમાં કોઈ ઘુસી ન જાય તે માટે દરવાજાઓની આગળ ચણતર કરીને તેને બંધ કરી દેવાયા છે. જો કે સેકટર-૭માં શાકમાર્કેટમાં ઉભા રહેતા લારીઓવાળાઓ અને કેટલાક અસામાજિક તત્વોએ આ ચણતરને તોડી નાંખ્યુ છે અને તેમાં શૌચક્રિયા કરે છે.કેટલાક તેનો ગોડાઉન તરીકે ઉપયોગ કરે છે. આ મકાનોમાં દારૂ જુગારની પ્રવૃત્તિ ચાલતી હોવાની પણ ફરિયાદ ઉઠવા પામી છે. આસપાસ રહેતા વસાહતીઓ આ બધી પ્રવૃત્તિઓથી અને અહીં ફેલાતી અસહ્ય દુર્ગંધથી ત્રાસી ગયા છે. જે મકાનોને નિકાલ હેઠળ મુકી દેવાયા છે તેને ઝડપથી પાડી દેવાય તેવી માંગ વસાહતીઓ કરી રહ્યા છે. જેથી કરીને અહીં થતી અસામાજિક પ્રવૃત્તિઓ અટકી શકે.

**ધી ગાંધીનગર નાગરિક કો.ઓ. બેન્ક લિ., ગાંધીનગર**

પ્લોટ નં. ૩૯૧, ઘ-૪ાા, સેક્ટર-૧૬, ગાંધીનગર

**કર્મચારીઓના ગણવેશ બાબતે ભાવપત્રક**

આથી રસ ધરાવતી પેઢીઓને જણાવવાનું કે બેન્કને નીચે જણાવેલ વિગતો અને શરતોએ પોતાના કર્મચારીઓને ગણવેશ પૂરો પાડવા બાબતે ભાવપત્રક મંગાવવામાં આવે છે.

(૧) પુરુષ કર્મચારીની સંખ્યા ૬૭ તથા મહિલા કર્મચારીની સંખ્યા ૨૩ રહેશે.
(૨) દરેક કર્મચારી માટે બે જોડી એટલે કે અનુક્રમે ૧૩૪ શર્ટ તથા પેન્ટ તેમજ ૪૬ સાડી તેમજ બ્લાઉઝ.
(૩) શર્ટ તથા પેન્ટનું કાપડ કોઈપણ પ્રકારની ડિઝાઈન વગરનું તથા બ્રાન્ડેડ મિલનું હોવું જોઈએ.
(૪) સાડી તથા બ્લાઉઝ કોઈપણ જાતની ડિઝાઈન વગર પરંતુ બોર્ડર પટ્ટીવાળી તેમજ બ્રાન્ડેડ મીલનું હોવું જરૂરી છે.
(૫) કાપડની ગુણવત્તા ૧૦૦ ટકા કોટન બંને પ્રકારના ડ્રેસમાં ઉંચી ગુણવત્તાવાળી હોવી જરૂરી છે.
(૬) કર્મચારીઓના કાપડનો રંગ કેટેગરી મુજબ ફેરફારને પાત્ર રહેશે.
(૭) સંબંધિત પેઢીએ ૬ થી ૭ કલર નમૂના પુરુષ તથા મહિલા કર્મચારીનો ગણવેશ માટે રજૂ કરવાના રહેશે. શર્ટ તથા સાડી માટે આછો કલર તેમજ પેન્ટ તથા બ્લાઉઝ માટે ઘાટો કલર એ પ્રમાણે નમૂના આપવાના રહેશે.
(૮) કોઈપણ પ્રકારની આગોતરી રકમની ચૂકવણી કરવામાં આવશે નહિ.
(૯) સંતોષકારક રીતે નક્કી કરેલ માલ સંપૂર્ણપણે પૂરો પાડ્યા પછી જ તથા શાખા મેનેજરશ્રીનું પ્રમાણપત્ર સંતોષકારક રીતે પ્રાપ્ત થયા પછી જ ચૂકવણી કરવામાં આવશે.
(૧૦) ઉપર જણાવેલ મુદ્દાઓ ધ્યાને લઈ આપનું ભાવપત્રક સીલબંધ કવરમાં બેન્કની હેડ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલી આપવાનું રહેશે.
(૧૧) ભાવપત્રક મંજુર કરવા અથવા ન કરવા અથવા કઈ પેઢીના ભાવપત્રક નક્કી કરવા તે રીતનો સંપૂર્ણ અધિકાર બેન્કનો અબાધિત રહેશે.
(૧૨) બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કરે તે સીક્યુરીટી ડિપોઝીટ કામ અંગેનો ઓર્ડર મેળવતા પહેલા બેન્કમાં જમા કરાવવાની રહેશે. જેનું વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.

લી.
સહી/-
મેનેજીંગ ડિરેક્ટર

# ખૂન કેસના ૫ આરોપીઓને કોર્ટે આજીવન કેદની સજા કરી

## જમીન કૌભાંડ કરી આરોપીઓએ પલીયડ ગામની સીમમાં એક વ્યક્તિને છરીના ઘા મારી હત્યા કરી હતી

ગાંધીનગર, તા. ૩

જમીન કૌભાંડના મામલે જિલ્લાના પલીયડ ગામની સીમમાં છરીના ઘા મારીને એક વ્યક્તિની હત્યા કરવાના કેસમાં કલોલ કોર્ટે પાંચ આરોપીઓને આજીવન સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા. ૨૩ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ આ કેસના આરોપી દશરથગીરી શંકરગીરી ગોસ્વામી, જિતેન્દ્ર મહેન્દ્રગીરી ગોસ્વામી, રાજુ વીરકુમાર યાદવ, રાજુ કનુભાઈ પટેલ તેમજ રાજીવ રામકરણ જાદવે ભેગા મરણ જનાર સોમાજી મથુરજી ઠાકોરને રૂ. ૫૦ હજારમાં ખોટો વેચાણ કરાર કરી મૂળ માલિક તરીકે ખોટો ફોટો ચોંટાડી ખોટા પુરાવા ઉભા કરી છેતરપીંડી કરી હતી. આ મામલે આરોપીઓને જમીન રાખનાર સોમાજીને મારી નાંખવાનો પ્લાન બનાવ્યો હતો. તા. ૨૮ સપ્ટેમ્બર વર્ષ-૨૦૧૧ના રોજ આરોપીઓ કલોલ નારદીપુર માર્ગ પર પલીયડ ગામની સીમમાં સોમાજીને લઈ ગયા હતા જ્યાં ગાડીનો હોર્ન ચાલુ કરી છરી વડે ઘા મારી તેમના મોંઢે તમંચાના ઠોબા માર્યા હતા. પેટના ભાગે છરીના ઘા વાગતા સોમાજીનુ મોત નિપજ્યું હતું. આરોપીઓ મોબાઈલ તેમજ રોકડ રકમ લુંટી ફરાર

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ વાર્ષિક પુણ્યતીથિએ

શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી મુકેશભાઇ ભક્તિભાઇ પટેલ

સ્વ. તા. ૪-૨-૨૦૧૪

આપની ખોટ તો કાયમ રહેશે. આપના સંસ્કારોનું જીવનમાં સિંચન કરી, આપના આદર્શોને સદાય અનુસરીશુ.

વૈભવ કે. જાની

સમર્પણ પરિવાર

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com